BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટન ફાયર હવે જ્યોર્જ હિચકૉક (George Hitchcock) શિષ્યવૃત્તિ માટે અરજીઓ સ્વીકારે છે

બ્રૅમ્પટન ઓન્ટારિયો (05 ફેબ્રુઆરી 2021) – જે નિવાસીઓ અગ્નિશમન સેવાઓમાં પોતાની કારકિર્દી બનાવવા માંગતા હોય તેઓને જ્યોર્જ હિચકૉક મેમોરિયલ એન્ડાઉમેન્ટ ફંડ (the George Hitchcock Memorial Endowment Fund) જે જ્યોર્જ હિચકૉક શિષ્યવૃત્તિ તરીકે પણ જાણીતું છે તેમાં અરજી કરવા આમંત્રણ છે.

સ્વ. ડિવિઝન ચીફ જ્યોર્જ હિચકૉક (George Hitchcock)નાં માનમાં બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ (Brampton Fire and Emergency Services ) દ્વારા હિચકૉક મેમોરિયલ એન્ડાઉમેન્ટ ફંડ (the George Hitchcock Memorial Endowment Fund)ની સ્થાપના 2014માં થઈ. તેઓએ બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસમાં 33 વર્ષો સુધી સેવા આપી હતી. ફાયર/લાઈફ સેફ્ટી એડ્યુકેશન ડિવિઝન (Fire/Life Safety Education Division)ની સ્થાપનામાં તેઓએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી જેના દ્વારા દર વર્ષે હજારો બ્રૅમ્પટનવાસીઓને અગ્નિશમન સુરક્ષાની કેળવણી આપવામાં આવી ચૂકી છે. તેઓ અન્ય લોકોને અગ્નિશમન સેવાઓમાં પોતાની કારકિર્દી બનાવવા પ્રોત્સાહિત કર્યા અને પ્રેરણાસ્ત્રોત રહ્યા હતા.

વાર્ષિક ધોરણે જ્યોર્જ હિચકૉક () શિષ્યવૃત્તિ એવા વ્યક્તિઓને આપવામાં આવે છે જેઓ અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવામાં રુચિ રાખતા હોય. આ શિષ્યવૃત્તિ સફળ અરજદારનાં માધ્યમિક શિક્ષણ પછીની ટ્યુશન ફી માટે હોય છે.

વધુ માહિતી માટે અને અરજીનું ફોર્મ મેળવવા www.bramptonfire.com.ની મુલાકાત લો

**જરૂરિયાતો**

ભંડોળ માટે લાયક ઠરવા અરજદારોએ નીચેનાં માપદંડો પૂર્ણ કરવાનાં રહેશે:

- જે તે વ્યક્તિ બ્રૅમ્પટનનાં નિવાસી અને કૅનેડાનાં નાગરિક હોય અથવા કૅનેડામાં કામ કરવા સમર્થ હોય
- અરજદાર અગ્નિશમન-સંબંધિત પ્રોગ્રામમાં ઑન્ટારિયો પોસ્ટ-સેકન્ડરી સ્કૂલ ડિપ્લોમામાં ભણતા હોય
- અરજદારે અરજી ફોર્મમાં સૂચિત જરૂરિયાતો સંપૂર્ણત: પૂર્ણ કરવાની રહેશે
- અરજીઓ રજૂ કરવાની સમાપ્તિની તારીખ સુધીમાં રજૂ કરવાની રહેશે
- ઈન્ટરવ્યૂ પ્રક્રિયા પછી સફળ અરજદારે ઓન્ટારિયો પોસ્ટ-સેકન્ડરી સ્કૂલ પ્રોગ્રામને સ્વીકૃતિનો પુરાવો (પ્રૂફ અક્સેપ્ટન્સ) પૂરો પાડવાનો રહેશે

**પ્રક્રિયા**

અરજીના ફોર્મ ઓનલાઈન www.bramptonfire.com પર ઉપલબ્ધ છે અને firelife@brampton.caપર રજૂ કરવાનાં રહેશે. અરજીનો સમયગાળો 01 એપ્રિલ 2021 નાં રોજ અથવા 30 અરજીઓ મળેથી બંધ થશે.

પસંદ કરાયેલ ઉમેદવારોનાં ઈન્ટરવ્યૂ લેવામાં આવશે અને એક અરજદાર શિષ્યવૃત્તિ માટે પસંદ કરાશે, જેનું મૂલ્ય $1,000 છે જેની સીધી ચુકવણી કોર્સમાં ભરતી થવા માટે કરાશે.

**સુવાક્યો**

“હું લાયકાત ધરાવતા બ્રૅમ્પટનવાસીઓને જ્યોર્જ હિચકૉક શિષ્યવૃત્તિ માટે અરજી કરવા પ્રોત્સાહિત કરું છું જેઓ અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવામાં રુચિ રાખતા હોય. બ્રૅમ્પ્ટન એક સ્વસ્થ અને સુરક્ષિત શહેર છે, અને આપણો સમાજ સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવામાં આપણી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ (Fire and Emergency Services team) ટીમ અનિવાર્ય ભૂમિકા ભજવે છે. સિટીને ગૌરવ છે કે તે દર વર્ષે એવા વ્યક્તિને મદદ આપે છે જે ફરક પડી શકે તે માટે સમર્પિત હોય."
*- પેટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન (City ofCity of Brampton)*

“આપણા સમાજનાં રક્ષણ માટે અને લોકોની મિલકતને સુરક્ષિત રાખવા ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસનાં કર્મચારીઓ અથાગ કાર્ય કરે છે. અમે એવા તમામ લોકોને વધાવીએ છીએ જેઓ અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે અને સાથે જ લાયકાત ધરાવતા બ્રૅમ્પટન નિવાસીઓને જ્યોર્જ હિચકૉક મેમોરિયલ એન્ડાઉમન્ટ ફંડ માટે અરજી કરવા પ્રોત્સાહિત કરીએ છીએ."
*-રોવેના સાન્તોસ (Rowena Santos), રિજનલ કાઉન્સિલર વૉર્ડ્સ 1 અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટન (City of Brampton)*

"ડિવિઝન ચીફ જ્યોર્જ હિચકૉક અગ્નિશમન સેવાઓ તેમજ અગ્નિશમન અને જીવન સુરક્ષા કેળવણીનાં અનુરાગી હતા. આ શિષ્યવૃત્તિ તેઓએ બ્રૅમ્પ્ટન ફાયરને કરેલ મૂલ્યવાન યોગદાનનાં એક વારસા રૂપે આપવામાં આવે છે. અસાધારણ સેવાની પરંપરાને આગળ વધારવા અગ્નિશમન સૈનિકો બનવા માંગતી આગામી પેઢીને મદદરૂપ થવા અમે રોમાંચિત છીએ."
*-બિલ બોય્ઝ, વડા, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ*

"બ્રૅમ્પ્ટન સ્વસ્થ અને સુરક્ષિત શહેર હોવાની ટર્મ ઓફ કાઉન્સિલ પ્રાયોરિટીને આગળ વધારવામાં આપણી બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ ટીમ અનિવાર્ય ભૂમિકા ભજવે છે. અગ્નિશમન સેવાઓમાં કારકિર્દી બનાવવામાં રસ ધરાવતા નિવાસીઓ જેઓ પોતાના સમાજને રક્ષણ આપવાની મહત્ત્વાકાક્ષાં ધરાવતા હોય તેઓને જ્યોર્જ હિચકૉક શિષ્યવૃત્તિ માટે અરજી કરવાનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે."
*ડેવિડ બેરિક (David Barrick), મુખ્ય વહીવટી અધિકારી, સિટી ઓફ બ્રૅમ્પટન*

# BRAMPTON

## Media Release

-30-

**કૅનેડાના સૌથી ઝડપથી વિકાસ પામતા શહેરો પૈકી એક હોવા સાથે બ્રૅમ્પટન 6,50,000 લોકોનું ઘર છે અને તેમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કરીએ છીએ તેનું હાર્દ લોકો છે. અમને અમારા વૈવિધ્યસભર સમુદાયોથી જોમ મળે છે, અમે નિવેશ આકર્ષીએ છીએ અને અમે એવા પ્રવાસનો આરંભ કરી રહ્યા છીએ જે ટેકનોલોજિકલ અને પર્યાવરણીય ઈનોવેશન તરફ દોરી જાય છે. અમે પ્રગતિની ભાગીદારી એક સ્વાસ્થ્યપ્રદ શહેર બનાવવા કરીએ છીએ જે સલામત હોય, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.


**મિડિયા સંપર્ક (MEDIA CONTACT)**
ગુરવિંદર સિંઘ
સંકલનકર્તા, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ (Media and Community Engagement)
સ્ટ્રૅટેજિક કમ્યુનિકેશન્સ (Strategic Communication)
સિટી ઓફ બ્રૅમ્પટન
905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca